# પાટીદાર સમાજ દ્વારા સરકાર અને ઓ.બી.સી પંચ સામે પી.આઈ.એલ.

અનામતની માંગ પાટીદારોએ શરુ કરી અને મહેસાણા તેનું એ.પી. સેન્ટર બન્યું. અનમાતની માંગ રોડ પરથી શરુ થવા ગઈ અને સરકારને દબાણ પણ કરવામાં આવ્યું. પરતું ખરા અર્થમાં આ રજુઆત રોડ પર ન કરીને અન્ય પછાત વર્ગ એટલે કે ઓ.બી.સી. પંચમાં અરજી કરવાની હોય છે. ત્યારે વિસનગરના પાટીદાર સમાજ એવા ૫૨ ગોળ પાટીદાર સમાજે આ રજુઆત કરી અને ત્યારબાદ ગુજરાતના અન્ય જુદા જુદા ૨૬ પાટીદાર સમાજે લેખિતમાં રજુઆત કરી પરંતુ જાહેરનામાં બાદ સર્વેની કામગીરી ન થવાથી હાલમાં પાટીદાર સમાજે હાઈકોર્ટમાં પી.આઈ.એલ. કરી છે. જેમાં ઓ.બી.સી. પંચને ૬ માસની અંદર સર્વે કરીને પાટીદાર સમાજને અનામત આપવી પડશે તેવો ઉલેખ પણ કર્યો છે.

મહેસાણામાં આજથી અઢી વર્ષ પહેલા અનમાતની માંગ સાથે પાટીદાર સમાજે રેલી કઢી હતી. એ અનામતની આંગ વિસનગરમાં વધુ ઉગ્ર બનવા ગઈ. જ્યારે સ્થાનિક ધારસભ્યના કાર્યલયને આંગ ચાપવા જે સ્થિતિનું નિર્માણ થયું તે બાદ આ આગે સમગ્ર ગુજરાતમાં પાટીદારોને જાગૃત કર્યા અને પાટીદારો રોડ પર આવી ગયા. જેમાં સરકારના પગ તળે રેલો આવતા મામલો વણસ્યો હતો અને સરકાર સાથે વાટા ઘાટો વચે સરકારને જુકવું પણ પડ્યું હતું. અંતે ઈ.બી.સી. લાગુ કરતા સુપ્રીમ સહિત હાઈકોર્ટે આ ઈ.બી.સી. કાઢી પણ નાખી. પરતું વિસનગરમાં જે રીતે આંગ ચંપા જેવી



સ્થિતિમાંથી સમગ્ર ગુજરાતમાં અનામતનું ભૂત ધુણ્યું હતું તે બાદ પાટીદાર વિસનગર ૫૨ ગોળ સમાજે ઓ.બી.સી. પંચમાં ગયા અને તેની સૂચી આધારે જે માગણી આયોગે માગી હતી તે ઘરે ઘરે જઈને પાકી કરીને મુકતાની સાથે જ ૪ મહિનાના ગાળામાં આયોગે તેમની માંગણી સ્વીકારીને ઘટતી કાર્યવાહી શરુ કરી. પરંતુ ચુંટણી બાદ કાર્યવાહી ફરીવાર ન ચાલતા અંતે પાટીદાર સમાજે હાઈકોર્ટમાં આયોગ અને સરકાર સામે બાયો ચઢવીને પંચના વિરોધમાં કામગીરી ન થવાથી કામગીરી ૬ માસમાં પૂર્ણ કરો તેવી માંગ સાથે પી.આઈ.એલ. દાખલ કરવામાં આવી છે જેની સુનવણી આગમી એક અઠવાડિયા બાદ દાખલ થશે. તેમ મહેન્દ્રભાઈ પટેલ ૫૨ પાટીદાર સમાજ પ્રમુખે જણાવ્યું હતું. અનામતની માંગ બંધારણ મુજબ લેખિતમાં રજુઆત અન્ય પછાત વર્ગમાં કરવામાં આવતી હોય છે સમાજના તમામ સભ્યો આર્થિક રીતે અને સામાજિક રીતે પછાત છે તેવો ખુલાસો ફોર્મ ભરીને જરૂરી પુરાવા રજુ કરવાના હોય છે જેમાં કેટલા સમાજના પુરુષો છે. કેટલી મહિલાઓ છે. કુટુંબના કેટલા સભ્યો છે. તેમની આવકનો સ્ત્રોત કયો છે અને તે ક્યાં હાલમાં વશે છે. કયા તાલુકા ક્યાં શહેરમાં તે વસવાટ કરે છે તેમના સમાજમાં કેટલા કુ-રીવાજો છે કેટલું ભણતર છે તેમને કઈ સહાય સરકાર દ્વારા મળે છે જેવી તમામ બાબતોની લેખિતમાં જાણ કરવાની હોય છે. જેની મહિતી વિસનગર પાટીદાર સમાજને મળતા તેમણે માઈક્રો પ્લાનીગ કરીને આયોગમાં ગયા હતા. પરંતુ તે તમામ માગણી અને જાહેરનામું પ્રશીદ્ધી બાદ હવે સરકાર ભાજપની બેઠી તેના બાદ કામગીરી હાલમાં ન ચાલતા આજે પાટીદાર સમાજે અન્ય સમાજ જેમને અનામત નથી મળતી તે સમાજને એકત્રિત કરીને આ સમગ્ર મામલે વધુ પી.આઈ.એલ. દાખલ કરવા વિસનગરથી શરૂઆત થવા જઈ રહી છે તેમ એ.કે પટેલ સમાજ અગ્રણીએ જણાવ્યું હતું. એક તરફ અનામતની આગના કારણે પાટીદાર સમાજના ૧૫થી વધુ લોકોના મોત થવા ગયા અને બીજી તરફ પોલીસના દંડા પણ ખાધા પરતું અનામતની આગ વચે પાટીદાર સમાજે સરકારને રજુઆત કરી પણ ખરા જેમાં કાયદેસર અને રોડ પર બંને રીતે માંગ સતત ચાલુ રહેવા ગઈ છે. તેમ છતાં આજે સમગ્ર ગુજરાતના ૨૬ પાટીદાર સમાજ ભેગા મળીને રજુઆત બાદ પણ હવે નિર્ણય નહી આવતા હાઈકોર્ટમાં અંગે પી.આઈ.એલ. દાખલ થઈ છે જો આ તમામ પાટીદાર સમાજ ની માંગ સંતોષાઈ જાય અને હાઈકોર્ટ ઓડર પણ કરે તો પાટીદાર સમાજને આવનાર ૨૦૧૯માં અનમાત મળી જશે તેમ કહીએ તો નવી નથી અને નહી પણ મળે તો સવલતો જે ઓ.બી.સી.ને મળે છે તે તો ચોક્કસ મળી જશે તેમ કહીએ તો નવાઈ નહી.

## ધોલવાણી ગામમાં ક્ષેત્રપાળ હનુમાન દાદાનો અને બ્રહ્માણી માતાજીનો પાટોત્સવ યોજાશે

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ગામમાં ક્ષેત્રપાળ હનુમાન દાદાનો નવમો અને બ્રહ્માણી માતાજીનો પ્રથમ પાટોત્સવ તા.૧૨મીને શનીવારના રોજ યોજાશે. ક્ષેત્રપાળ હનુમાનજી મંદીર અને માં બ્રહ્માણી મંદીર સેવા સમિતિ,સમસ્ત ગ્રામજનો અને સેવાભાવી ભાવિક ભક્તોના જણાવ્યા મુજબ ધાર્મિક કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.યજ્ઞ પુજન સવારે ૮ કલાકે, પુર્ણાહુતિ-શ્રીફળ હોમ સાંજે ૪:૩૦ કલાકે, મહાપ્રસાદી ૬ કલાકે રાખેલ છે. ક્ષેત્રપાળ હનુમાનજી મંદીર અને માં બ્રહ્માણી મંદીર સેવા સમિતિ અને ગ્રામજનો,ભાવિક ભક્તો ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

## ભિલોડા તાલુકાના સુનસર ગામમાં લઘુરૂદ્ર યોજાયો

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શેર ગામ સુનસરમાં સુનસર બ્રાહ્મણ યુવક મંડળ,મુંબઈ-સુનસર આયોજીત નવયુવાન બ્રાહ્મણોના સહયોગથી સત્યનારાયણ ભગવાનની ભવ્ય કથા,રાત્રે ભજન સંધ્યા અને સુનસર ગામની પાદરે આવેલા ઝબલેશ્વર મહાદેવ મંદીરમાં શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે લઘુરૂદ્ર રંગેચંગે સંપન્ન થયો હતો. લગુરૂદ્રની પુર્ણાહુતિ તા.૮મીને સોમવારના રોજ બપોરે ૧.૪૦ વાગ્યાના સુમારે યોજાઈ હતી. દર્શનાર્થે ભાવિક ભક્તો ઉમટ્યા હતા. દર્શનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના દર્શન કરી આશિર્વાદ મેળવી ભાવિક ભક્તોએ ધન્યતા અનુભવી હતી.શ્રી સત્યનારાયણ ભગવાનની કથા,લગુરૂદ્ર એટલે કે હર અને હરિનો સંગમ હોય છે. સુનસર બ્રાહ્મણ યુવક મંડળ, મુંબઈ-સુનસર કારોબારી સભ્યો, સુનસર ગ્રામજનોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.ભિલોડા તાલુકાના શેર ગામ સુનસર ગામના શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ અગ્રણી આગેવાનો મુંબઈથી ઉપસ્થિત રહ્યા હતા.



જળસંચય અભિયાન અંતર્ગત અરવલ્લી જીલ્લા ભાજપા યુવા મોરચા દ્વારા મોડાસામાં બાઈકરેલી યોજાઈ હતી. જેમાં જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી યુવાનોને ઉત્સાહ અને જોશ પુરો પાડવા યુવાનો સાથે રેલીમાં જોડાયા હતા.

## ધાનેરા જૈન દેરાસરનું બિન-પરવાનગીથી થઇ રહેલ બાંધકામ પર કલેક્ટરની કડક સૂચના

### કલેક્ટરનાં હુકમનું નગરપાલિકા કેટલું પાલન કરાવશે ?

ધાનેરા ખાતે જૈન સંધનાં ટ્રસ્ટી ઓ દ્વારા શાંન્તિ બજારમાં જૈન દેરાસર પર માથાભારે જૈન તત્વો દ્વારા સરકારનાં કાયદાની ઐસી-તૈસી કરી પોતાની મરજી પ્રમાણે દેરાસરમાં કામ કરી રહયા છે અને આં બાંધકામ પર અનેક જૈન વ્યક્તિઓનો ખુલ્લો વિરોધ હોવા છતાં આ જૈન ટ્રસ્ટીઓ કાયદાની પરવા કર્યા વગર બિન-પરમીશનથી બાંધકામ કરી રહ્યા છે. આ બાબતે નગરપાલિકા તપાસ કરેલ પરંતુ ભીનું સંકેલાઈ જતાં કોઈ પરમીશન લીધા વગર કામ ચાલું છે. આમ ખુલ્લે આમ નિયમોનો ભંગ થઈ રહ્યો છે અને નગરપાલિકાનાં કાયદાનું પણ પાલન થતું નથી તો આવાં તત્વોનો વિરોધ એક જાગૃત જૈન નાગરીકે કલેક્ટરને વિનંતી કરતાં કલેક્ટરે આવાં બોગસ થતાં બાંધકામ અને બિન-પરમીશનથી થતાં કામ બંધ કરવાં હુકમ કરેલ છે હવે જોવાનું એ છે કે નગરપાલિકાએ ભીનું સંકેલતાં હવે કલેક્ટરશ્રીનાં હુકમ થી સુકુ કરીને કાર્યવાહી કરે છે કે પછી કલેક્ટરશ્રીનાં હુકમને પણ નગરપાલિકા પી જશે.

## માલપુરના સાતરડા ગામની સીમમાં હીટસ્ટ્રોકથી અજાણ્યા યુવકનું મોત

અરવલ્લી, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં સૂર્યદેવનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. સતત બીજા દિવસે તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર કરતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. જિલ્લાના માલપુર તાલુકાના સાતરડા ગામની સીમમાંથી હિટસ્ટ્રોકની અસરથી અજાણ્યા યુવકનું મોત નીપજ્યું હતું. સાતરડા ગામની સીમમાંથી અજાણ્યા યુવકની લાશ પડી હોવાની જાણ થતા માલપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી પી.એમ માટે ખસેડી અજાણ્યા યુવકની વાલી વારસોની શોધખોળ હાથ ધરી હતી. પી.એમ રિપોર્ટમાં યુવકનું મોત લુ લાગવાથી મોત નીપજ્યું હોવાની આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

## અરવલ્લીના મહિલા ખેડૂત પારૂલ પટેલને બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૧૦

કૃષિક્ષેત્રે પોતાની આગવી કોઠાસૂજથી વૈજ્ઞાનિક અભિગમ



અપનાવી ખેતીના વિકાસમાં નવિનતા લાવી ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરનાર પારૂલબેન પટેલને બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ-૨૦૧૭ એનાયત કરવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લાના ખેડૂતોને પ્રેરણા પુરી પાડનાર બાયડ તાલુકાના ભૂડાસણ ગામના મહિલા પારૂલબેન જનકભાઈ પટેલને અરવલ્લી જિલ્લાકક્ષાએ બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો.

આ સમારંભમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી તથા તમામ અધિકારીઓ અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓએ જિલ્લા કૃષિ કાર્યશાળા, મોડાસા ખાતે શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યુ હતુ. પારૂલબેન પટેલને આ સમારંભમાં રૂ. ૨૫ હજાર રોકડ પુરસ્કાર તથા પ્રશસ્તિપત્ર આપી મહિલા ખેડૂત તરીકે તેમની ખુબ સરાહના કરવામાં આવી હતી.

## કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા યોજાઈ

### વિવિધ આઠ સમિતિઓની બહુમતિએ રચના કરાઇ : ૩૬ વિરૂધ્ધ ૨૯ સભ્યોની બહુમતિ એ કરાઈ રચના

પાલનપુર, તા.૧૧

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં બહુમતિના જોરે વિવિધ સમિતિ ઓની રચના કરાઈ હતી. વિપક્ષ ના વિરોધ વચ્ચે શાસક પક્ષ કોંગ્રેસે ૩૬ વિરૂધ્ધ ૨૯ સભ્યોની બહુમતીથી આઠ સમિતિઓમાં પોતાના સભ્યોની વરણી કરી હતી. હવે આગામી સભામાં સમિતિઓના ચેરમેનની રચના કરવામાં આવશે

બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં સત્તાના સૂત્રો કોંગ્રેસે હસ્તગત કર્યા છે. બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ૩૬ અને ભાજપના ૩૦ સભ્યો ચૂંટાઈ આવ્યા બાદ પ્રમુખ પદે પીનાબેન ઠાકોર ચૂંટાયા હતા. જે બાદ ગતરોજ પ્રથમ મળેલી સાધારણ સભામાં વિવિધ આઠ સમિતિઓ ની રચના કરવામાં આવી હતી. જેમાં ભાજપના એક સભ્ય ગેરહાજર રહ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સમિતિઓની રચના કરવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩૬ વિરૂધ્ધ ૨૯ સભ્યોની બહુમતીથી કોંગ્રેસે તમામ સમિતિઓમાં પોતાના સભ્યોને ચૂંટી કાઢ્યા હતા. જોકે, પ્રમુખની વરણીની સભામાં જે પ્રકારે ભાજપે હોબાળો મચાવ્યો હતો. તેવો હોબાળો આજે પણ થશે તેવી ધારણા હતી. પરંતુ સૌના અચરજ વચ્ચે ભાજપે સમગ્ર પ્રક્રિયામાં સાથ સહકાર આપી શાંતિપૂર્ણ સભા પુરી કરી હતી.

આજની સાધારણ સભામાં ધારાસભ્ય મહેશભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી, જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોર સહિત ધારાસભ્યો અને કોંગી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસા સહિત ત્રણ તાલુકાના સાત ગામોના તળાવોનુ રમણભાઈ પાટકરે નિરીક્ષણ કર્યુ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લામાં ત્રણ તાલુકા મોડાસા, માલપુર અને ભિલોડાના સાત ગામોમાં આજરોજ પ્રભારી મંત્રીએ પ્રવાસ



કરીને સુજલામ સુફલામ જળભિયાન અંતર્ગત ચાલતાં વિવિધ કામોની જાત માહિતી અને નિરી તેમજ વન તલાવડીઓના કામોનો આરંભ કરાવ્યો હતો. આજે એક જ દિવસમાં સાત કામોના સ્થળોએ જઈ નિરીક્ષણ કર્યુ હતું.

પ્રભારી મંત્રી રમણભાઈ પાટકરે અરવલ્લી જિલ્લામાં આજે જે સાત કામોની મુલાકાત લીધી. તેમાં મોડાસા તાલુકાના બાજકોટ ખાતે ચેકડેમ ડીસીલ્ટિંગ, દઘાલીયામાં વન તલાવડીના ચાલી રહેલા કામનું નિરીક્ષણ કર્યું હતું. જ્યારે આ અગાઉ આજે સવારે બાયડના ઝાંખરીયામાં નહેર સફાઈ, માલપુરના વિરણીયામાં તળાવ ઊંડું કરવાનું કામનું પણ પ્રભારીમંત્રીએ નિરીક્ષણ કર્યુ હતું.

આ ઉપરાંત ભિલોડા તાલુકામાં ધંધાસણ, અભાપુર અને કુડોલમાં એમ ત્રણેય ગામોમાં ચેકડેમ ડીસીલ્ટિંગના કામોની મુલાકાત લઈ નિરિક્ષણ કર્યું હતું. આજના દિવસભરના પ્રભારી મંત્રીના પ્રવાસમાં જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, જળ અભિયાનના જિલ્લા ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલ, જે તે તાલુકાના મંડલના જળ અભિયાન ઈન્ચાર્જ ભીખુસિંહ પરમાર, બીપીનભાઈ પટેલ, ભીખીબેન પરમાર અને મોડાસા તાલુકાના પ્રવાસ દરમિયાન મોડાસા તાલુકા ભાજપ પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહામંત્રી અંકિતભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, કિસાન મોરચા પ્રમુખ પરસોત્તમભાઈ પટેલ અને સ્થાનિક સરપંચો, કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.



### સામુહિક મહાભિષેક ઉત્સવ યોજાયો

સિદ્ધાંત મહોદવિધ, સચ્ચારીત્ર, ચુડામણી, કર્મસાહિત્ય, નિપૂર્ણમતિ, નૈશ્કિક, બાલબ્રહ્મચારી, સેકડો શ્રમણોના સર્જક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદવિજય પ્રેમસુરીશ્વરજી મહારાજાની ૫૦મી સ્વર્ગારોહણ તિથી શુક્રવારના રોજ અમેરિકા, આફ્રિકા, યુરોપ, ઓસ્ટ્રેલીયા સહીત સમસ્ત ભારતમાં ૧૦૦૮થી અધિક જિનાલયોમાં આજે સવારે એક સમયે એક સાથે એક લાખથી વધુ પ્રભુ ભક્તો ધ્વારા સામુહિક અભિષેક યોજાયો હતો હિમતનગરના આઠ જિનાલયોમાં જૈન ભક્તો ધ્વારા ભગવાનને અભિષેક કરાયો હતો. તો બગીચા વિસ્તારમાં આવેલ શંખેશ્વર પાશ્વનાથ દેરાસરમાં પ્રભુ ભક્તો ધ્વારા અભિષેક કરાયો હતો.

## અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા મોડાસામાં શૌર્ય દિનની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૧૧

આજે મોડાસામાં ભાજપ કાર્યાલય ખાતે અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા શૌર્ય દિવસની ઉજવણીનો અટલ ઈરાદે કાર્યક્રમ ભારતીય સેનાના રિટાયર્ડ જવાન અરુણભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિસ વર્ષ અગાઉ આજના દિવસની ઐતિહાસીક અણુ પરિક્ષણની આ ઘટનાને તાજી કરી હતી.

પ્રારંભે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ જિલ્લાના કાર્યકરોને આવકારીને અટલ ઈરાદે કાર્યક્રમ શૌર્ય દિવસની ઉજવણીની વિગતો આપી ઘટનાને થયેલા વીસ વર્ષ પછી આજના યુવાનોને આ અંગે અવગત કરવા સાથે ઉપસ્થિત નિવૃત્ત જવાન અરુણભાઈ પટેલનું શાલ ઓઢાડી પ્રસંગોચિત સન્માન કર્યું હતું. અટલ ઈરાદે કાર્યક્રમના વક્તા અને પ્રદેશ મંત્રી, જિલ્લા પ્રભારી હર્ષદગિરી ગોસ્વામીએ વીસ વર્ષ પહેલાં ૧૧ મે ૧૯૯૮ના અને ૧૩ મે ૧૯૯૮ ના રોજ કરવામાં આવેલા અણુ વિસ્ફોટની સમગ્ર વિશ્વને અચંબિત કરનાર ઐતિહાસિક દિવસી ઉંડાણપૂર્વક વિગતો સાથે જાણકારી આપી હતી.

શૌર્ય દિવસ ઉજવણી પ્રસંગે મહામંત્રી શામળભાઈ પટેલ, પ્રદેશ કારોબારી સભ્ય કનુભાઈ પટેલ, પ્રદેશ યુવા મોરચા પ્રભારી રોહીતભાઈ સાધુ, યુવા મોરચા પ્રમુખ પ્રશાંતભાઈ પટેલ, મીડિયા સેલ કન્વિનર પ્રભુદાસભાઈ પટેલ, તાલુકા પ્રમુખ હસમુખભાઈ, મહામંત્રી અંકિતભાઈ, વસંતભાઈ, મોડાસા વિધાનસભા ચુંટણી લડેલ ભીખુસિંહ પરમાર, દલિત મોરચા પ્રમુખ દિનેશભાઈ, મહિલા મોરચા પ્રમુખ જલ્પાબેન વગેરે સહિત મોટી સંખ્યામાં કાર્યકરોની ઉપસ્થીતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## તગડી ફી વસુલતી મોંઘીદાટ સ્કૂલનો વિકલ્પ બનતી સરકારી શાળાઓ

### પાલનપુરની સરકારી ઉ.મા.કુમાર શાળાનું ૭૩% પરિણામ : જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે સરકારી સ્કૂલ બની આશીર્વાદરૂપ

પાલનપુર, તા.૧૧

આજે રાજયમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામો જાહેર થયા છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં સરકારી સ્કૂલની શરૂ કરાયેલી વિજ્ઞાન પ્રવાહની પ્રથમ બેન્ચનું પરિણામ ૭૩.૦૦% આવતા સરકારી સ્કૂલોમાં ગુણવત્તાસભર શિક્ષણનો ધ્યેય સફળ થયો છે.

આજે બનાસકાંઠા જિલ્લા માં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ નું પરિણામ જાહેર થયું હતું. આ પરિણામોમાં સૌથી સારું પરફોર્મન્સ પાલનપુર માં ૭૭.૭૮% સાથે રહેવા પામ્યું હતું. જ્યારે સૌથી ઓછું પરિણામ ડીસા તાલુકા માં ૫૬.૬૫% આવેલ છે. જોકે ખાનગી શાળાઓ વાલીઓ પાસેથી તગડી ફી વસુલે છે. તેવી સ્થિતિમાં ખાનગી સ્કૂલ કરતા પણ સારું પરિણામ પાલનપુર ખાતેની સરકારી ઉચ્ચતર માધ્યમિક કુમાર શાળામાં આવેલ છે. આ શાળાની પ્રથમ બેન્ચમાં ૭૩.૦૦% જેટલું પરિણામ આવેલ છે. જેનાથી સરકારી સ્કૂલોમાં ગુણવત્તા સભર શિક્ષણ મળતું નથી. અને અમારી ખાનગી સ્કૂલો માં ૧૦૦ % પરિણામ આવે છે. તેઓ દાવો કરતી ખાનગી સ્કૂલો ની પોલ ખુલી જવા પામી છે. અને પહેલીવાર પ્રથમ બેન્ચમાં ભણતા વિધાર્થીઓ પણ ૭૩.૦૦% જેટલુ ઊંચું પરિણામ લાવી સાબિત કરી બતાવ્યું છે કે,જો મન થી ભણવું હોય તો સરકારી સ્કુલ પણ બેસ્ટ વિકલ્પ બની શકે છે તેવું મુકેશભાઈ ઠાકોર નામના વાલીએ જણાવ્યું હતું.

આ બાબતે જિલ્લા શિક્ષણ અધિકારી હર્ષદભાઈ રાવલે જણાવ્યું હતું કે, પાલનપુરની સરકારી સ્કૂલ પોતાની વિજ્ઞાન પ્રવાહ માં કારકિર્દી બનાવવા મથતા વિધાર્થીઓ માટે આશીર્વાદ રૂપ બની શકે છે. ખાનગી સ્કૂલોની તગડી ફી વસુલાત સામે વિકલ્પ તરીકે જિલ્લામાં સરકારી સ્કૂલ પાલનપુર ખાતે આવેલી છે. આ સ્કૂલની પ્રથમ બેન્ચમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ એ આ ચાલુ પરિણામ માં સુંદર પરફોર્મન્સ કરી ૭૩.૦૦% જેટલું ઊંચું પરિણામ લાવ્યું છે.

સરકારે વિજ્ઞાન પ્રવાહ માટે આર્થિક રીતે નબળા વિધાર્થીઓ માટે સરકારી સ્કૂલ માં કુમારને ધોરણ ૧૧ માં ટોકન ફી ૩૭૦ જ્યારે ધોરણ ૧૨ માં ૩૦૦ રૂપિયા જેવો નજીવો ચાર્જ રખાયો છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહની કન્યાઓ માટે નિ:શુલ્ક અભ્યાસની વ્યવસ્થા આ સરકારી સ્કૂલોમાં કરવામાં આવી છે. આ ટોકન કિંમત લાખોની ખાનગી સ્કૂલોની ફી વસુલાત સામે નજીવી છે. જે હર કોઈને પોષાય તેવી છે. અને આર્થિક રીતે નબળાં વર્ગના વિદ્યાર્થીઓ પણ વિજ્ઞાન પ્રવાહ માં અભ્યાસ કરી શકે તેવી સુંદર સુવિધા સરકારી સ્કુલો માં સરકારે આપી છે.

પાલનપુરની સરકારી હાઈસ્કૂલમાં આજે ૭૩% જેટલું વિજ્ઞાન પ્રવાહમાં પરિણામમાં આવ્યું છે. જેને પરિણામે હવે જે મધ્યમવર્ગ અથવા ગરીબ વાલીઓના બાળકોનું જે સાયન્સમાં ભણવાનું સ્વપ્ર હતું એ પૂરું થશે. પાલનપુરની સરકારી હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહમાં બાળકોને સાયન્સ ભણાવાશે અને સાથે સાથે જે દીકરીઓ છે તેમને નિ શુલ્ક ભણતર મળશે. જો કે, આજની જે મોંઘીદાટ સ્કૂલો છે અને મોંઘીદાટ ફી સામે જે ગરીબ વાલીઓ લાચાર હતા. તેમની માટે હવે એક વિકલ્પ ખુલ્લો થયો છે. અને સરકારી શાળાઓમાં નિઃ શુલ્ક વિજ્ઞાન પ્રવાહમાં ભણતર મેળવી શકે છે અને તેમની કારકિર્દી બનાવી શકે છે તેવું સરકારી શાળાના પ્રિન્સિપાલ આંનદ પરમારે જણાવ્યું હતું.

ગુજરાતના મહાનગરોમાં વાલીઓ તગડી ફી સામે આંદોલનો ચલાવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ સુધી વાત પહોંચી છે વાલીઓને પોતાના બાળકોની કારકિર્દી બનાવવા માટે સુપ્રીમ કોર્ટનો સહારો લેવો પડે છે. ત્યારે સરકાર ખાનગી શાળાઓને જે પ્રમાણે પ્રોત્સાહન આપી રહી છે. તેને બદલે સરકારી શાળાઓમાં જો ફેસિલિટીઝ આપવામાં આવે તો ચોક્કસ ગરીબ અને મધ્યમ વર્ગથી માંડીને તમામ લોકોની સમસ્યાનો હલ આવી શકે અને ચોક્કસ શિક્ષણનું સ્તર ઊંચુ જઈ શકે છે.